# ભારતીય જનતા પાર્ટી

ગુજરાત પ્રદેશ

પં. દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફો.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૭ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com

પ્રેસનોટ : તા. ૨૯/૦૧/૨૦૧૦

## <u>ગુજરાત પ્રદેશ ભાજપાના નવા પ્રમુખની સંરચના માટેનો કાર્યક્રમ</u>

ભાજપાના પ્રદેશ મહામંત્રી તેમજ પ્રદેશ સંરચના અધિકારી શ્રી ભરતસિંહ પરમારે આજ રોજ ગુજરાત પ્રદેશ ભાજપાના નવા પ્રમુખની સંરચના માટેનો કાર્યક્રમ જાહેર કર્યો હતો.

તેઓના જણાવ્યા મુજબ, તા. ૩૧ જાન્યુઆરીના રવિવારના રોજ પ્રદેશ પ્રમુખ માટેના ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા સાંજે ૦૫.૦૦ થી ૦૭.૦૦ દરમ્યાન યોજાશે. આ દિવસે જ ફોર્મની ચકાસણી અને ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા હાથ ધરાશે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે, પ્રદેશ પ્રમુખની વરણી માટે તા. ૧ ફેબ્રુઆરીના રોજ પ્રદેશ પ્રતિનિધિ સભા ગાંધીનગરમાં યોજાશે. આ સભામાં વિધિવત્ ચૂંટાયેલા પ્રમુખની જાહેરાત કરવામાં આવશે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે, પ્રદેશ પ્રમુખની સંરચના કાર્યક્રમમાં કેન્દ્ર તરફથી ચૂંટણી અધિકારી તરીકે શ્રી ગોપીનાથ મુંડે ઉપસ્થિત રહેશે.